પેટ્રોલીયમ ઉત્પાદનોનુ સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણ સંદર્ભે "સક્ષમ નેશનલ કોમ્પીટીશન" ૨૦૧૮ ના આયોજન બાબત.

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૮/૩૫૦૨-૫૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૦૩/૦૭/૨૦૧૮

વંચાણે લીધાઃ- પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય, ભારત સરકારના તા.૨૭/૦૬/૨૦૧૮ ના પત્ર અન્વયે.

પ રિ પ ત્રઃ-

પેટ્રોલીયમ ઉત્પાદનોનુ સંરક્ષણ અને પર્યાવરણનુ રક્ષણ એ રાષ્ટ્ર માટે મહત્વના પાસા છે. શાળા કક્ષાએ બાળકોમાં આ બાબતે જાગૃતતા આવે તે માટે "પેટ્રોલીયમ કન્ઝર્વેશન રીસર્ચ એસોસીયેશન" (PCRA) દ્વારા રાષ્ટ્રકક્ષાની સક્ષમ નેશનલ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવનાર છે. જેની વિગતો નીચે મુજબ છે.

- PCRA દ્વારા નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધા એમ ત્રણ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવશે.
- સ્પર્ધાનો સમયગાળો તા.૦૧/૦૭/૨૦૧૮ થી ૩૦/૦૯/૨૦૧૮ દરમ્યાનનો રહેશે. જેનુ પરિણામ ડિસેમ્બર-૨૦૧૮ ના પ્રસિદ્ધ કરવામાં આવશે.
- રાષ્ટ્રકક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય પેટ્રોલીયમ અને કુદરતી વાયુ મંત્રાલય, દિલ્હી દ્વારા જાન્યુઆરી-૨૦૧૯ માં સમારંભ યોજવામાં આવશે જેમાં વિજેતા વિદ્યાર્થીઓને આકર્ષક ગીફ્ટ, સીંગાપુર ટ્રીપ, લેપટોપ અને રોકડ ઈનામથી પ્રોત્સાહિત કરવામાં આવશે. આપના જિલ્લા હસ્તકની પ્રાથમિક શાળાઓના વધુમાં વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે તે જોવાનુ રહેશે.
- www.pcracompetitions.org વેબસાઈટ અને મોબાઈલ એપના માધ્યમથી શાળાઓ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

## (૧) નિબંધ સ્પર્ધાઃ-

- નિબંધનો વિષયઃ- "Save Fuel for better environment" (સ્વચ્છ પર્યાવરણ માટે તેલ બચાવો)
- નિબંધ સ્પર્ધામાં રાજ્ય અને કેન્દ્રીય બોર્ડની સંલગ્ન શાળાઓ ભાગ લઈ શકશે.
- શાળાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લે તે જોવાનુ રહેશે.
- નિબંધ સ્પર્ધા કુલ ૨૩ ભાષામાં લેવામાં આવનાર છે. જે પૈકી ગુજરાત રાજ્યના બાળકો ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, સિન્ધી, ઉર્દૂ, તેલુગુ, તમિલ અને ઉડીયા ભાષામાં ભાગ લઈ શકશે.
- ધો – ૭ અને ૮ ના બાળકો નિબંધ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- સ્પર્ધાનો સમયગાળો ૧ કલાકનો રહેશે. નિબંધલેખન વધુમાં વધુ ૭૦૦ શબ્દોમાં લખવાનો રહેશે.
- નિબંધ ફરજિયાતપણે વિદ્યાર્થીના સ્વ હસ્તે લખીને સબમીટ કરવાનો રહેશે.
- શાળાકક્ષાની દરેક ભાષાની બે શ્રેષ્ઠ એન્ટ્રીઝ મોડામાં મોડી તા.૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં www.pcracompetitions.org પર અપલોડ કરવાની રહેશે.

## (૨) ચિત્ર સ્પર્ધાઃ-

- ચિત્ર સ્પર્ધાનો વિષયઃ- "Save Fuel for better environment" (સ્વચ્છ પર્યાવરણ માટે તેલ બચાવો)
- ચિત્ર સ્પર્ધામાં રાજ્ય અને કેન્દ્રીય બોર્ડની સંલગ્ન શાળાઓ ભાગ લઈ શકશે.
- ચિત્ર સ્પર્ધા નીચે મુજબની બે કેટેગરીમાં યોજવામાં આવશે.
  (૧) ધો-૫, ૬, ૭ (જુનિયર) અને (૨) ધો-૮, ૯, ૧૦ (સિનિયર)
- આ ચિત્ર સ્પર્ધામાં ચિત્ર દોરવા માટે વિદ્યાર્થીઓ ફક્ત A-3 સાઇઝની Art Sheet નો ઉપયોગ કરી શકશે.
- વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં પેન્સિલ, પેન્સિલ કલર, ક્રેયોન કલર, વોટર કલરનો ઉપયોગ કરવાનો રહેશે.

- ➢ સ્પર્ધાનો સમયગાળો ૨ (બે) કલાકનો રહેશે.
- ➢ શાળાકક્ષાની બે શ્રેષ્ઠ એન્ટ્રીઝ મોડામાં મોડી તા.૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં www.pcracompetitions.org પર અપલોડ કરવાની રહેશે.
- ➢ શાળાકક્ષાએ બાળકોને એક અઠવાડિયા પહેલા સ્પર્ધાની વિગતો જણાવવાની રહેશે. જેથી વિદ્યાર્થીઓને પૂર્વ તૈયારી માટેનો સમય મળી રહે.
- ➢ રાષ્ટ્રકક્ષાએ પ્રથમ ૧૦૦ શ્રેષ્ઠ ચિત્રોને ફાઈનલ રાઉન્ડ માટે દિલ્હી ખાતે બોલાવવામાં આવશે.

(3) ક્વીઝ સ્પર્ધાઃ-

- ➢ ક્વીઝ સ્પર્ધામાં રાજ્ય અને કેન્દ્રીય બોર્ડની સંલગ્ન શાળાઓ ભાગ લઈ શકશે.
- ➢ ધો-૮, ૯, અને ૧૦ ના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- ➢ રાજ્ય સ્તર સુધીની સ્પર્ધા વેબ પોર્ટલ www.pcracompetitions.org પર ઓનલાઈન યોજવામાં આવશે.
- ➢ સ્પર્ધામાં ઇંધણ સંરક્ષણ, પર્યાવરણ, અને જનરલ સ્ટડી સંબંધિત પ્રશ્નો પુછવામાં આવશે.
- ➢ શાળાએ પસંદ કરેલ તમામ વિદ્યાર્થીઓનુ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
- ➢ પ્રથમ રાઉન્ડમાં તમામ વિદ્યાર્થીઓ વ્યક્તિગત ભાગ લેશે જેમાં ૧૦ મિનિટમાં ૧૦ પ્રશ્નો પુછવામાં આવશે.
- ➢ પ્રથમ રાઉન્ડમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી ઓનલાઇન સોફ્ટવેટ બે વિજેતા વિદ્યાર્થીઓની પસંદગી કરશે. જે શાળા ટીમ બનશે.
- ➢ શાળા ટીમ બીજા રાઉન્ડમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે જેમાં ૧૦ મિનિટમાં ૧૫ પ્રશ્નો પુછવામાં આવશે. આ રાઉન્ડની છેલ્લી તારીખ ૩૦/૦૯/૨૦૧૮ રહેશે.
- ➢ જિલ્લાકક્ષાના વિજેતા ટીમની જાણ PCRA દ્વારા E-mail થી શાળાને કરવામાં આવશે.
- ➢ જિલ્લાકક્ષાએ વિજેતા ટીમ ત્રીજા રાઉન્ડમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે જેમાં ૧૫ મિનિટમાં ૩૦ પ્રશ્નો પુછવામાં આવશે.
- ➢ રાજ્યકક્ષાની સ્પર્ધાનો સમયગાળો તા.૦૫/૧૦/૨૦૧૮ થી તા.૧૫/૧૦/૨૦૧૮ દરમ્યાનનો રહેશે.
- ➢ ઝોનલ ફાઈનલીસ્ટની પસંદગી માટે રાજ્યકક્ષાના વિજેતા ટીમને ઓફલાઈન ઝોનલ રાઉન્ડ માટે દિલ્હી ખાતે આમંત્રણ આપવામાં આવશે. જે અંગેના તારીખ અને સ્થળની વિગત શાળાઓને E-mail થી જાણ કરવામાં આવશે.
- ➢ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ઝોનલ ફાઈનલીસ્ટને દિલ્હી ખાતે આમંત્રણ આપવામાં આવશે.
- ➢ જે અંગેનો પ્રવાસ ખર્ચ પેટ્રોલીયમ સંરક્ષણ સંશોધન સંગઠન (PCRA) દ્વારા ચુકવવામાં આવશે.
- ➢ દરેક કક્ષાએ વિજેતાઓ અંગેની યાદી વેબપોર્ટલ પર મુકવામાં આવશે તથા શાળાઓને ઈ-મેઈલ દ્વારા પણ જાણ કરવામાં આવશે.

## PCRA દ્વારા યોજવામાં આવનાર સ્પર્ધાના વિજેતાઓને આપવામાં આવનાર ઈનામની વિગતો નીચે મુજબ છે.

| નિબંધ સ્પર્ધા | | |
|---|---|---|
| | ઈનામની સંખ્યા | ઈનામની વિગત |
| પ્રથમ ઇનામ | ૨૩ | સીંગાપુર ટ્રીપ અને લેપટોપ |
| બીજુ ઇનામ | ૨૩ | લેપટોપ અને રૂ. ૨૦,૦૦૦/- રોકડ ઈનામ |
| ત્રીજુ ઇનામ | ૨૩ | લેપટોપ અને રૂ. ૧૦,૦૦૦/- રોકડ ઈનામ |
| આશ્વાસન ઈનામ તમામ ભાષાના પ્રતિયોગીતા માટે | ૧૦૦ | રૂ. ૫૦૦૦/- રોકડ ઈનામ શ્રેષ્ઠ ન્યાયી એન્ટ્રીને. (દર ૧૦૦૦૦ પ્રતિયોગિતાએ એક ઈનામ) |

| ચિત્ર સ્પર્ધા | | |
|---|---|---|
| | ઈનામની સંખ્યા | ઈનામની વિગત |
| પ્રથમ ઇનામ | ૨ | સીંગાપુર ટ્રીપ અને લેપટોપ |
| બીજુ ઇનામ | ૨ | લેપટોપ અને રૂ. ૨૦,૦૦૦/- રોકડ ઈનામ |
| ત્રીજુ ઇનામ | ૨ | લેપટોપ અને રૂ. ૧૦,૦૦૦/- રોકડ ઈનામ |
| તમામ કેટેગરીમાં નેશનલ લેવલ આશ્વાસન ઈનામ (૯૭ ઈનામ) | ૧૯૪ | ટેબલેટ |
| રાજ્યકક્ષાએ આશ્વાસન ઈનામ | ૧૦૦ | રૂ. ૫૦૦૦/- રોકડ ઈનામ શ્રેષ્ઠ ન્યાયી એન્ટ્રીને. (દર ૧૦૦૦૦ પ્રતિયોગિતાએ એક ઈનામ, દરેક રાજ્યમાંથી ઓછામાં ઓછા એક પ્રતિયોગિતાને) |

| ક્વીઝ સ્પર્ધા | | |
|---|---|---|
| | ઈનામની સંખ્યા | ઈનામની વિગત |
| પ્રથમ ઇનામ - શાળા ટીમ | ૨ | સીંગાપુર ટ્રીપ અને લેપટોપ |
| બીજુ ઇનામ- શાળા ટીમ | ૨ | લેપટોપ અને રૂ. ૨૦,૦૦૦/- રોકડ ઈનામ |
| ત્રીજુ ઇનામ- શાળા ટીમ | ૨ | લેપટોપ અને રૂ. ૧૦,૦૦૦/- રોકડ ઈનામ |
| ચોથુ ઈનામ - શાળા ટીમ | ૨ | લેપટોપ |
| રાજ્યકક્ષાના વિજેતાઓને આશ્વાસન ઈનામ | રાજ્યદીઠ બે | ટેબલેટ |
| જિલ્લાકક્ષાના વિજેતા | જિલ્લાદીઠ બે | રૂ.૨૦૦૦/- નુ ગીફ્ટ વાઉચર, ટ્રોફી અને સર્ટીફીકેટ |

કેન્દ્રીય પેટ્રોલીયમ અને કુદરતી વાયુ મંત્રાલય, દિલ્હી દ્વારા યોજવામાં આવનાર ઉપર મુજબની સ્પર્ધાઓમાં આપના જિલ્લા હસ્તકની શાળાઓના વિદ્યાર્થીઓને ભાગ લેવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**નકલ સવિનય રવાના જાણ સારૂ,**
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

પ્રતિશ્રી,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
તાલુકા - તમામ
ઉપરોક્ત વિષય અન્વયે તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરી, વધુમાંવધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી સૂચના આપની કક્ષાએથી કરવી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત, પાટણ